Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# જ્હોન રસ્કિન રચિત 'અનટુ ધીસ લાસ્ટ': એક સમીક્ષા

**ડૉ. મહેશકુમાર વી. ચૌધરી**
આસીસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ, ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, જાંબુઘોડા, જિ.પંચમહાલ

**સારાંશ :**

મહાત્મા ગાંધીને દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમ્યાન તેમના મિત્ર મિ.પોલાકે એક પુસ્તક આપ્યું , જ્હોન રસ્કિનનું 'અનટુ ધિસ લાસ્ટ'.આ પુસ્તક એકી બેઠકે ગાંધીજી વાંચી ગયા અને તેમના મન અને હૃદય પર તેનો ઊંડો પ્રભાવ પડ્યો.એવું શું હતું આ પુસ્તકમાં કે જેણે આપણા દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પર પ્રભાવ પાડ્યો.ગાંધીજીએ જ્હોન રસ્કિનનું 'અનટુ ધિસ લાસ્ટ' વાંચ્યા પછી અનુભવ્યું તે લખ્યું , " આ પુસ્તકના આદર્શ મુજબ મારું જીવન બદલવાનો મેં નિશ્ચય કર્યો....જે થોડા પુસ્તકો મેં વાંચ્યા છે, તેને હું ઠીક પચાવી શક્યો છું, એમ કહી શકાય એવા પુસ્તકોમાં જેણે મારી જીંદગીમાં તત્કાળ મહત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો, એવું તો આ એક જ પુસ્તક કહેવાય." વળી અન્યત્ર એમણે કહ્યું છે : 'અનટુ ધિસ લાસ્ટ' આ શબ્દોમાં જે આશય છે તેને હું વળગી રહ્યો છું ...... 'અનટુ ધિસ લાસ્ટ'માં કહેલા સિદ્ધાંત પાળવાનું ને તેનો અમલ કરવાનું ખાસ જરૂરી છે, એમ હું માનું છું. તે સિવાય માણસ જાતિ તેના બંધુતા અને સમાનતાના ધ્યેયને જીવનમાં ઉતારી શકે નહી અને આગળ વધી શકે નહી." આમ પ્રસ્તુત સશોધન પેપરમાં 'અનટુ ધિસ લાસ્ટ' પુસ્તકની વિશેષતાઓનું આલેખન કરવામાં આવશે. અહી જે 'અનટુ ધિસ લાસ્ટ' પુસ્તકની સમીક્ષા કરવામાં આવી છે તે પુસ્તકનું ગુજરાતી ભાષાંતર ચિત્તરંજન વોરાએ કર્યું હતું. તે વિચારધારા પ્રકાશન,અમદાવાદ(પ્રથમ આવૃત્તિ,૧૯૯૫) દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું હતું.

**ચાવીરૂપ શબ્દો** : કલ્યાણલક્ષી રાજ્ય, મુક્ત વ્યાપારવાદ, સર્વોદય

ગાંધીજીએ 'અનટુ ધિસ લાસ્ટ' ઈ.સ.૧૯૦૪માં જ્હોનિસબર્ગથી નાતાલની મુસાફરીમાં પ્રથમવાર વાંચ્યું.એમને સ્ટેશન મુકવા આવેલા એમના મિત્ર મિ.પોલાકે, "આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય તેવું છે. તે વાંચી જજો.તમને ગમશે." એમ કહીને ગાંધીજીના હાથમાં મુકેલું. ગાંધીજી લખે છે : "આ પુસ્તકના લીધા પછી હું છોડી જ ન શક્યો. તેણે મને પકડી જ લીધો....આખી રાત ઊંઘ ન આવી. પુસ્તકમાં સુચવેલા વિચારો અમલમાં મુકવાનો ઈરાદો કર્યો[1]." પરંતુ એ માત્ર ઈરાદો જ ન રહ્યો,એ પુસ્તકે ગાંધીજીના જીવનમાં તત્કાળ મહત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો. ગાંધીજીના શબ્દોમાં કહીએ તો : "અનટુ ધિસ લાસ્ટ વાંચીને એક જ રાતમાં વકીલ ને નગરવાસીઓમાંથી, ડરબનથી દુર અને નજીકમાં નજીકના રેલ્વે સ્ટેશનથી ત્રણ માઈલ છેટે આવેલા એક ખેતર ઉપર વસતા ગામડિયામાં મારું રૂપાંતર થયું"[2] ગાંધીજીના હૃદય

---

[1] ગાંધી,મો.ક.,સત્યના પ્રયોગો અથવા આત્મકથા,નવજીવન પ્રકાશન,અમદાવાદ,ડીસેમ્બર,૨૦૧૪,પૃ.૨૯૧

[2] હરીજનબંધુ,તા.૯-૮-૧૯૪૨,પૃ.૨૪૪

અને માનસ પર પ્રભાવ પાડનાર પુસ્તક 'અનટુ ધિસ લાસ્ટ'ના મહાન વિચારક હતા - જ્હોન રસ્કિન.

જ્હોન રસ્કિનનો જન્મ લંડનમાં તા.૮ ફેબ્રુઆરી,૧૮૧૯ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ જહીં જેઈમ્સ રસ્કિન અને માતાનું નામ માર્ગરેટ રસ્કિન હતું.બાળપણથી રસ્કિને બાઈબલ,પોપનું હોમર,સ્ટોકની નવલકથાઓ,પીલ્ગ્રમ્સ પ્રોગ્રેસ વગેરે જેવા મહત્વના ગ્રંથોના અભ્યાસ કર્યો હતો. તેની અસર તેમના સમગ્ર લેખનકાર્ય પર થઈ. એમના પિતા વ્યવસાય નિમિત્તે સ્વદેશની ભાર પણ જતા. જ્હોન અને તેમની માતા આ મુસાફરીઓમાં સાથે જતા. જ્હોનના વિચાર અને દર્શનના ઘડતરમાં તેમનો વિશિષ્ટ ઉછેર, તેમનો પોતાનો અભ્યાસ અને આ પ્રવાસો દરમ્યાન વ્યાપક સમાજના તેમણે કરેલા પ્રત્યક્ષ નિરિક્ષનો ઘણો મોટો ફાળો ગણાય છે.

જ્હોન રસ્કિન વોટર કલર-જળરંગી ચિત્રોના કલાકાર હતા. કલાની સાથે સાથે સામાજિક વ્યવસ્થામાં પણ દિવ્યતાનું સૌન્દર્ય પ્રગટે તે મૂળ આશય વડે પ્રેરાઈને 'અનટુ ધિસ લાસ્ટ' માં અર્થશાસ્ત્ર ઉપર તેમણે આલોચનાત્મક નિબંધો લખ્યા.વાચકોનો તીવ્ર પ્રત્યાઘાત આપતાં પ્રકાશકે તે વધુ ક્રમશઃ હપ્તાવાર છાપવાની હિંમત કરી નહી.તેથી લેખકે તે ચાર નિબંધોમાં પૂરું કર્યું.[3]

૧.પ્રતિષ્ઠાના મૂળ

૨.સંપત્તિની ધોરી નસ

૩.અદ્દલ ન્યાય

૪.ખરું મૂલ્ય

જ્હોન રસ્કિને એક પ્રયોગ તરીકે " સેન્ટ જ્યોર્જ ગીલ્ડ" નામે એક કંપની સ્થાપી હતી.તેમાં દરેક સભ્યે પોતાની મિલકતનો દસમો ભાગ અર્પણ કરવાનો હતો.રસ્કિને પોતાના પિતાના વારસાની માતબર રકમ તેમાં આપી દીધી.પોતે નિવૃત્તિ પછી તો પુસ્તકોની આવક પર જ જીવ્યા. " સેન્ટ જ્યોર્જ ગીલ્ડ"નો પાયાનો નિયમ એવો હતો કે , " વરાળ યંત્રોનો ઉપયોગ કરવો નહી, હાથે થઈ શકે તેવા કામ માટે મશીન વાપરવા નહી."

જ્હોન રસ્કિનનું 'અનટુ ધિસ લાસ્ટ' અર્થશાસ્ત્ર સંબંધી એક જીવનકલાનો અભિગમ રજુ કરે છે.સ્વતંત્રતાના સામાજિક મૂલ્યને કેન્દ્ર સ્થાને રાખીને રસ્કીનના સમયે આર્થિક વિચારકોએ શાસ્ત્રીય સિદ્ધાંતોની રચના શરુ કરી હતી.મુક્ત વ્યાપારવાદને અનુસરીને સંપતિ એકઠી કરવાની હોડમાં ઉતરેલા ઉદ્યોગ સાહસિક કારખાનેદાર વ્યાપારી વર્ગનો ઉદય થયો હતો.વ્યક્તિગત લાભ વધારવાની તેમની આર્થિક પ્રવૃત્તિઓને કારણે સામાજિક ગેરલાભનું પ્રમાણ વધી જાય છે, તેથી એ પરિસ્થિતિ પલટાય તે માટે અર્થશાસ્ત્રની સૈદ્ધાંતિક વિચારણાના અભિગમને બદલવાની અનિવાર્યતા ઉપર રસ્કિને ભાર મુક્યો.આમ રસ્કિને સામાજિક ન્યાયની સમતુલન ભંગનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો. અર્થશાસ્ત્રનો પાયાનો ખ્યાલ સંપતિ અંગેનો છે તે ભૂલભરેલો છે એમ તેમને જણાવ્યું.વળતરમાં તેમણે ન્યાયનો ખ્યાલ દાખલ કરીને તેમણે શ્રમિકોના નીચા વેતન વાજબી ઠરાવનાર વેતનના લોખંડી કાયદાના મૂળમાં તાર્કિક પ્રહારો કર્યા હતા.તેમની આ વિચારસરણીના પ્રભાવ નીચે ઈંગ્લેન્ડમાં કલ્યાણલક્ષી રાજ્યનો પ્રારંભ થયો.જગતભરમાં

---

[3] અનટુ ધિસ લાસ્ટ, પૃ.૨૬-૨૭

મૂડીવાદ કલ્યાણલક્ષી આર્થિક સિદ્ધાંત બનતા વધુ સહ્ય બન્યો. જોકે માનવ પરિબળને જ સંપત્તિના ખ્યાલમાં પ્રસ્થાપિત કરી કેવળ તેનું પ્રતિપાદન પોતે કરી શક્યા, એ ખ્યાલને આધારે અર્થશાસ્ત્રના સિદ્ધાંતોની ઈમારત રચી આપવાનું કામ અર્થશાસ્ત્રીઓ પાસે અપેક્ષિત છે.[4]

રસ્કિન માનવ જાતિના વિકાસના આખા પ્રશ્નમાં પ્રેમ અને હિંમતરૂપે બે અંતરાય જુએ છે.બીજાને ન્યાય મળે તેવો આગ્રહ તેમને માટે પ્રેમ હોય તો જ સંભવી શકે.પોતાને હાથે બીજાને અન્યાય ન થાય, તે માટે ત્યાગપૂર્વક,સ્વેચ્છાએ સાદ્દજીવન જીવવાનું સ્વીકારી લેવામાં ભારોભાર હિંમત જરૂરી છે.

એક બાજુ નફા વડે સંપતિ એકઠી કરવામાં સમૃદ્ધિ રહેલી છે એવી સામાજિક માન્યતા હોય અને બીજી બાજુ સાધનહીન બિનકુશળ શ્રમિક મજુર બની ગયેલા વ્યાપક જનસમાજને જીવન જીવવા માટે કારમી ગરીબી ભોગવવી પડતી હોય ત્યારે સામાજિક શાસ્ત્રના હેતુમાં કેન્દ્રસ્થાને આશય શું હોય ; નફા વડે સંપતિની સમૃદ્ધિ કેમ એકઠી કરવી તે કે પછી સમાજના તમામ લોકોને , નબળામાં નબળાને પણ ન્યાયપૂર્વક જીવન જીવવા જેટલી વપરાશ ? તે સવાલ રસ્કિન પોતાની સ્વાભાવિક શૈલીમાં મુલવે છે :

“ ............. રાષ્ટ્રની સંપત્તિનું માપ તેનો વપરાશ શું છે,તે જ છે.”

“ અસલ સ્વરૂપ માનવતા સ્વયં છે , પૈસો એ તો તેના પડછાયા પાછળની દોડ છે.”

“જીવન કરતાં અધિક એવી કોઈ સંપત્તિ નથી.[5]”

અનટુ ધિસ લાસ્ટ – કચડાયેલાના ઉદય- ની ભાવના ખુબ ઉમદા છે.જ્યાં સુધી સમાજમાં કચડાયેલાના દુઃખ મટે નહી ત્યાં સુધી આ ભાવના અને તેને અંગે કરેલ ચર્ચાવિચારણા સમયને સંગત અને પ્રસ્તુત બની જ રહે છે, આજે અને આવનારા યુગો પર્યંત માનવતા પ્રતિ ન્યાયનું આ સત્ય તો સાર્વભૌમ સુસંગત રહેનારું છે.[6]

આજના અર્થશાસ્ત્રના ખ્યાલોને એક વિજ્ઞાન તરીકે સ્વીકારી લેવા ,એ માનવીની બૌદ્ધિકતા માટે લાંછનરૂપ છે. સાચા અર્થશાસ્ત્રને હીન વર્ણશંકર જેવા આજના અર્થશાસ્ત્રથી જુદું તારવવાનું છે.-જેમ વૈદ્યકીય વિદ્યાને દોરાધાગની કરામતથી. આજનું અર્થશાસ્ત્ર એ તો એક જ્ઞાનહીન દશાની ભૂમિકા ધરાવનારું શાસ્ત્ર અને જીવનવિહીન આધાર ધરાવનારી વિદ્યા છે. દિવ્યતાનો તો એક અંશ પણ આ શાસ્ત્રમાં નથી.તે સ્વયં અનૈતિક સિદ્ધાંતોના સંકરણ જેવું છે.

એક અનૈતિક માણસ વેચવાની રોટીમાં રેતી ભેળવીને મોટો થયો.આવા અનૈતિક ધંધાઓના જેવી આ શાસ્ત્રની વાત છે.આજનું અર્થશાસ્ત્ર સત્યને બદલે શીખવે છે, લોભ અને લાલચ. પરિણામે તે શ્રદ્ધા,વિશ્વાસ,ન્યાય ખોઈ બેસે છે.કેવળ સ્વાર્થના હેતુ રચાયેલું તેનું આખું માળખું છે. તે જિંદગીના દૈવી અમૃતમાં ઝેર ભર્યું ટીપું નાખી દે છે.[7]

રસ્કિનનું પુસ્તક વાંચીને ગાંધીએ પોતાનું જીવન તત્કાળ પલટી નાખ્યું.ફિનિક્સ આશ્રમમાં નવા જીવનની સાધના ચાલી.રસ્કિનનું વિચારબીજ ગાંધીની મનોભૂમિમાં, કર્મભૂમિમાં વિકસતું રહ્યું.એક જીવન દર્શન રૂપે જયારે એ પરિપક્વ થયું ત્યારે ‘સર્વોદય’ ના મંત્ર રૂપે પ્રગટ

---

[4] અનટુ ધિસ લાસ્ટ, પૃ.૭

[5] એજન, પૃ.૧૪

[6] અનટુ ધિસ લાસ્ટ, પૃ.૧૭

[7] શાહ,કાંતિ, સર્વોદય આરોહણ,યજ્ઞ પ્રકાશન,વડોદરા,પ્રથમ આવૃત્તિ,ફેબ્રુઆરી,૨૦૦૫,પૃ.૯

થયું. રસ્કીનના પુસ્તકનું ગુજરાતી તારણ ૧૯૦૮માં ગુજરાતીમાં ગાંધીએ આપ્યું, ત્યારે 'સર્વોદય' શબ્દનો જન્મ થયો.

આમાં ગાંધીની પ્રતિભા ભળી છે.રસ્કિને પોતાના મૂળ પુસ્તકનું નામ બાઈબલની એક કથા પરથી આપ્યું હતું. તેમાં છેલ્લામાં છેલ્લા(unto this last)ને પણ સરખું જ મળવું જોઈએ, એ વાત પ્રસ્થાપિત કરી. રસ્કિનનું પુસ્તક ગુજરાતીમાં આપતી વખતે તેના નામનું રૂપાંતર કરવામાં ગાંધીની આગવી પ્રતિભા ઝળકી ઉઠી. તે વખતે ' વધારેમાં વધારે માણસોનો વધારેમાં વધારે ઉદય'ની વાત પ્રચલિત હતી. તેનાથી જુદું દર્શન આ પુસ્તકમાં રજુ થતું હતું, તે યથાયોગ્ય રીતે 'સર્વોદય'માં શબ્દાંકિત થયી ગયું.'સર્વ' નો ઉદય, માત્ર વધારેનો નહી અને માત્ર છેલ્લાનો પણ નહી. આ રીતે 'સર્વોદય' એક નવી વિચારધારાનો દ્યોતક શબ્દ બન્યો.ભારતીય સંસ્કૃતિમાં 'સર્વેપિ સુખિન: સન્તુ' ની ભાવના વણાયેલી છે. 'સર્વોદય' શબ્દથી તેની સાથે અનુબંધ પણ અનાયાસ જ જોડાઈ ગયો.માનવજાતને આજના યુગને અનુરૂપ એક સમુચિત મંત્ર મળ્યો.

આ વિચારધારા ગાંધીના નામે ને કામે દુનિયા આખીમાં પ્રચલિત થઈ ગઈ, પરંતુ તેનું મૂળ વિચાર-બીજ એક અનોખા ચિંતક અને કલાકાર એવા જ્હોન રસ્કીનના ચિંતન અને મનોમંથનમાં હતું. એમના વિષે ટોલ્સટોયે કહ્યું છે, " જવલ્લે જ જોવા મળે એવા તે માનવી હતા. જેઓ હદયથી વિચારનારા હોય છે,તે પૈકીના એ વિચારક હતા. રસ્કિન એક હદયવાન ને વિચારવાન ચિંતક હતા"[8]

રસ્કિન એક માનવતાવાદી પ્રતિભાવાન સાક્ષર હતા કાગળ અને કલમહાથમાં લેતા ત્યારે એમની કલમમાંથી શબ્દોનો ધોધ વહેતો.આધુનિક સમાજની બુરાઈઓ પર એમણે જેવા શબ્દ પ્રહાર કર્યા છે તેવા બહુ થોડાયે કર્યા હશે.બર્નાડ શોએ લખ્યું છે : " આધુનિક સમાજ સામે લેનિને કરેલી ટીકાઓ રસ્કિનની તુલનામાં કોઈ ગામઠી પાદરીની મોળી મોળી વાતો જેવી લાગે છે. શબ્દ્પ્રહારની સખ્તાઈની બાબતમાં રસ્કિન સમાજવાદી કહેવડાવનારા, કાર્લ માર્ક્સને સુદ્ધાં, ગાઉના ગાઉ પાછળ પાડી દે છે." અનટુ ધિસ લાસ્ટની રચના રસ્કિને બાઈબલની 'પહેલા તે છેલ્લા અને છેલ્લા તે પહેલા' એ કથાવસ્તુને આધારે કરી છે.ઉદ્યોગિકરણે ઉભા કરેલા શોષણ,ગરીબી,સામાજિક અન્યાય આદિ અનિષ્ટો તથા એ અનિષ્ટોના ઉપાયોની એમાં એમણે બહુ વિશદ ચર્ચા કરી છે.[9]

આ ગ્રંથમાંથી ગાંધીજીએ જે બોધ ગ્રહણ કર્યો તે આ પ્રમાણે છે :

૧. બધાના ભાલમાં ભલું રહેલું છે.

૨. વકીલ તેમજ વાળંદ બંનેના કામની કિંમત એકસરખી હોવી જોઈએ કેમ કે આજીવિકાનો હક બધાને એકસરખો છે.

૩. સાદું મજુરીનું ખેડ્તનું જીવન જ ખરું જીવન છે.

રસ્કિને આ પુસ્તક મુખ્યત્વે પશ્ચિમને માટે લખેલું,પણ બ્રિટીશ અમલમાં, ભારત પશ્ચિમનાં કેટલાંક ખરાબ ધોરણો અપનાવી રહ્યું હતું.તેથી 'અનટુ ધિસ લાસ્ટ'નો સંદેશ ભારત માટે પણ ગાંધીજીને એટલો જ ઉપયોગી જણાયો.તેથી એનો સારાનુવાદ એમને 'સર્વોદય'ને નામે બહાર

---

[8] શાહ, કાંતિ, સર્વોદયના ૧૦૦ વરસ,યજ્ઞ પ્રકાશન,વડોદરા,પ્રથમ આવૃત્તિ,જુલાઈ,૨૦૧૧,પૃ.૨૨

[9] પટેલ,મગનભાઈ જો.,ગાંધીજીનું ધર્મદર્શન,યુનીવર્સીટી ગ્રન્થ નિર્માણ બોર્ડ,અમદાવાદ,બીજી આવૃત્તિ,૨૦૦૦,પૃ૯૨

પાડ્યો.રસ્કિનનો સમગ્ર ઝોક માણસને નીતિમાન બનાવવા તરફ છે.[10] એમની દ્રષ્ટીએ ''ખરી દોલત એ સોનુરુપું નથી પણ માણસો પોતે છે.[11]''

આધુનિક યંત્રયુગની ગતિ,પ્રગતિ અને ઉન્નતિમાં રસ્કીનને શ્રદ્ધા નહોતી.એમના મતાનુસાર યંત્રો એ માણસની ગતિમાં વધારો કર્યો છે,ઢગલાબંધ ઉત્પાદન કર્યું છે પણ એમણે મનુષ્યના વ્યક્તિત્વને કચડી નાખ્યું છે.તેથી રસ્કિન કહે છે : " ગતિ એ કઈ પ્રગતિ નથી.એક કલાકમાં સો માઈલની મુસાફરી કરવી કે એક મીનીટમાં એક હજારવાર કાપડ તૈયાર કરવું, એ આપણને લેશમાત્ર પણ શક્તિશાળી,સુખી અથવા જ્ઞાની બનાવશે નહી............વેગપૂર્ણ જવાથી બંદુકની ગોળી કઈ પણ વધારે સારું કામ આપતી નથીઅને જો મનુષ્ય સાચા અર્થમાં મનુષ્ય હોય તો પોતાની મળ ગતિમાં કોઈ ત્રુટી જોશે નહી; કાન એનું ગૌરવ ગતિમાં નહી પણ અસ્તિત્વમાં છે.[12]

જોકે ગાંધીજીના વિચાર ઘડતરમાં પૂર્વ અને પશ્ચિમના અનેક વિચારકોનો ફાળો છે,પરંતુ એમના આર્થિક વિચારોને ધાર્મિક રંગ આપવામાં રસ્કિનનો ફાળો સૌથી વધારે ગણાય. ભારતના લાખો દરિદ્રનારાયણોના ઉદ્ધાર અર્થે એમણે ખાદી,ગ્રામોદ્યોગ,નઈ તાલીમ,દારૂબંધી વગેરેના જે કાર્યક્રમો આપ્યા તે રસ્કિનના વિચારોના પ્રભાવનું પરિણામ લેખાય.આમ દેશના દીનહીનોની સેવાનો આ વિચાર સ્ફૂરાવવામાં અને સર્વોદયની ભાવના પ્રગટાવવામાં રસ્કિન પાસેથી એમને ખુબ ખુબ પ્રેરણા મળી હતી એ નિર્વિવાદ છે.[13]

ખરેખર સર્વોદય દર્શન ભારતીય સંસ્કૃતિનો આત્મા છે.દુનિયાભરના દરેક દેશમાં,દરેક કોમમાં,દરેક કાળમાં પયગમ્બર કે મસીહા છે,જેમણે શાંતિ,સેવા અને શાણપણના પાઠ શીખવ્યા છે.થોરો,સોક્રેટીસ,રસ્કિન,ટોલ્સટોય વગેરેની વાતો સર્વોદયની શીખ આપે છે.ભગવાન બુદ્ધ અને મહાવીર પણ સર્વોદયના જ સંદેશવાહક છે.વૈદિક ધર્મમાં કહ્યું છે કે દરેક દિશાઓમાંથી મને શુભ વિચારો પ્રાપ્ત થાય.સત્ય,અહિંસા,પ્રેમ,કરુણા,શાંતિ,સેવા વગેરે સર્વકાલિન અને સર્વદેશીય હોય છે.ખરેખર આવા સદગુણો જ સંસ્કૃતિ છે.[14]

## સંદર્ભસૂચિ


૧. મો.ક.,ગાંધી, સત્યના પ્રયોગો અથવા આત્મકથા,નવજીવન પ્રકાશન, ડીસેમ્બર,૨૦૧૪

૨. હરીજનબંધુ,તા.૯-૮-૧૯૪૨

૩. ચિત્તરંજન વોરા(ભાષાંતર),અનટુ ધિસ લાસ્ટ,વિચએધારા પ્રકાશન,અમદાવાદ,પ્રથમ આવૃત્તિ,૧૯૯૫

૪. કાંતિ શાહ, સર્વોદય આરોહણ,યજ્ઞ પ્રકાશન,વડોદરા,પ્રથમ આવૃત્તિ,ફેબ્રુઆરી,૨૦૦૫

૫. કાંતિ શાહ, સર્વોદયના ૧૦૦ વરસ,યજ્ઞ પ્રકાશન,વડોદરા,પ્રથમ આવૃત્તિ,જુલાઈ,૨૦૧૧

૬. મગનભાઈ જો. પટેલ,ગાંધીજીનું ધર્મદર્શન,યુનીવર્સીટી ગ્રન્થ નિર્માણ બોર્ડ,અમદાવાદ,બીજી આવૃત્તિ,૨૦૦૦

૭. દિવ્યા પટેલ,ગાંધીજીના સર્વોદય વિચારો, ResearchGuru :Online Journal of Multidisciplinary Subjects,Volume-11,Issue-3,December-2017,p.6 (www.researchguru.net)


---

[10] એજન,પૃ.૯૩

[11] ગાંધી, મો.ક.,સર્વોદય,નવજીવન પ્રકાશન,અમદાવાદ,પૃ.૨૮

[12] પટેલ, મગનભાઈ. જો,ઉપરોક્ત, પૃ.૯૫

[13] એજન,પૃ.૯૭

[14] પટેલ,દિવ્યા,ગાંધીજીના સર્વોદય વિચારો, Research Guru :Online Journal of Multidisciplinary Subjects,Volume-11,Issue-3,December-2017,p.6 (www.researchguru.net)